ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૬૫ ટકા

ગાંધીનગર તાપમાન

પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ અને પૂર્ણાહુતિ બંને સોમવારે

આ વર્ષે શ્રાવણ માસમાં ચારને બદલે પાંચ સોમવારનો લ્હાવો મળશે

ગાંધીનગર, તા.૭

આગામી સોમવારથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે અને આ વર્ષે સોમવારે પ્રારંભ થનાર શ્રાવણ માસની પૂર્ણાહૂતિ પણ સોમવારે જ થવાની છે. વળી, આ વર્ષે શ્રાવણ માસમાં ચારની જગ્યાએ પાંચ સોમવાર છે.

પાવનકારી પવિત્ર શ્રાવણ માસમાં સોમવારનું વિશેષ મહત્વ હોય છે અને દરેક સોમવારે શિવાલયોમાં ભાવિકોની ભીડ અભિષેક માટે ઉમટી પડે છે. આ વર્ષે તા.૯મી ઓગસ્ટથી પ્રારંભ થઈ રહેલા શ્રાવણ માસની શરુઆત સોમવારથી થવા જઈ રહી છે તેમજ તેની પૂર્ણાહુતિ પણ તા.૬ઠ્ઠી સપ્ટેમ્બરે સોમવારથી જ થવાની છે. ઘણા લાંબા સમય પછી શ્રાવણ માસમાં શ્રધ્ધાળુઓ લઈ એક વધુ સોમવાર એટલે કે ચારની જગ્યાએ પાંચ સોમવારનો લ્હાવો પ્રાપ્ત થશે. પહેલો સોમવાર તારીખ ૯મી ઓગસ્ટે, બીજો સોમવાર તારીખ ૧૬મી ઓગસ્ટે, ત્રીજો સોમવાર તારીખ ૨૩મી ઓગસ્ટે, ચોથો સોમવાર તારીખ ૩૦મી ઓગસ્ટે અને અંતિમ દિવસે પાંચમો સોમવાર તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બરે છે. શ્રાવણમાં શિવજીની ભક્તિ માટે આમ તો આખો મહિનો ઉત્તમ ગણાય છે પરંતુ તેમાં સોમવાર સૌથી શ્રેષ્ઠ ગણાય છે. આ વખતે જન્માષ્ટમીનો તહેવાર પણ ચોથા સોમવારે આવી રહ્યો છે જે દિવસે હરિ અને હરના તહેવારનું મિલન યોજાશે.

સરગાસણથી રીલાયન્સ મોલ તરફના દબાણ સામે ભારે આકોષ

ગાંધીનગર, તા.૭

શહેરમાં વધતા જતા વિકાસકામોને કારણે ઠેર ઠેર દબાણો અને ટ્રાફિક જામની પરિસ્થિતિ ઉભી થઈ છે ત્યારે સરગાસણ નજીક રીલાયન્સ મોલની બાજુમાં ઝાલા ફાર્મ હાઉસથી શરૂ થતો સંગાથ ફલેટ તેમજ માનસરોવર ક્રિષ્ના સોસાયટી થઈને પસાર થતો રોડ ૧૮ મીટરનો છે જેમાં હાલમાં ૧૫ મીટરનું દબાણ છે અને માત્ર ૩ મીટરનો રોડ જ ખુલ્લો છે જેથી મોલમાં આવનાર લોકની ભીડ રહે છે માટે આ દબાણ કોર્પોરેશન દ્વારા દૂર કરાય અને ઝડપી કાર્યવાહી થાય તેમ રહીશોની માંગણી છે.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં નાનકડા ભૂલકાઓએ વર્ષાઋતુને અનુરૂપ એવું બેકગ્રાઉન્ડ તૈયાર કરી છત્રી તથા રેઈનકોટ લઈ વર્ષાઋતુને અનુરૂપ ડાન્સ કર્યો હતો. વર્ષાઋતુને અનુલક્ષીને કયા ફળો-શાકભાજી ખાવા જોઈએ તે અંગે ફેકલ્ટી દ્વારા સમજૂતી અપાઈ હતી. ફેકલ્ટીઝ દ્વારા બાળકોને મેઘધનુષ્ય, વાદળ વગેરે આર્ટ એન્ડ ક્રાફટની પ્રવૃત્તિઓ કરાઈ હતી.

સેકટર-૨ ખાતે કાનૂની શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા અદાલત દ્વારા તારીખ ૮ને રવિવારે સેકટર-૨ ગાર્ડનમાં સાંજે ૬.૦૦ કલાકે કાનૂની શિબિરનું આયોજન કરાયું છે. જેમાં વરિષ્ઠ નાગરિકોને લગતા કાયદા, યોજનાઓ અને વિલ વિશે જાણકારી આપવામાં આવનાર છે. તેથી સર્વે સિનિયર સિટીઝન મિત્રોએ હાજર રહેવા જણાવાયું છે.

મધુર ડેરી ખાતે રોજગાર મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મધુર ડેરી દ્વારા રોજગાર દિનની ઉજવણીના ભાગરૂપે રોજગાર મહોત્સવ ૨૦૨૧નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના વિઝનરી ચેરમેનશ્રી ડૉ. શંકરસિંહ રાણા, મહોત્સવના મુખ્ય મહેમાન શંભુજી ઠાકોર-ધારાસભ્ય-ગાંધીનગર (દક્ષિણ), મહોત્સવના અધ્યક્ષ તરીકે હર્ષદભાઈ પટેલ-પ્રભારી-ગાંધીનગર, મહોત્સવના ખાસ આમંત્રિત અનિલભાઈ પટેલ-પ્રમુખ-જિલ્લા ભાજપ, રૂચિરભાઈ ભટ્ટ-પ્રમુખ શહેર ભાજપ તેમજ સંસ્થાના મેનેજીંગ ડિરેટર અને મેનેજર ઉપસ્થિત રહ્યા હતા. મહોત્સવમાં ૨૫૦નું રજીસ્ટ્રેશન કરવામાં આવેલું હતું. શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારના પુરા થયેલા પાંચ વર્ષ સંલગ્ન જુદા જુદા દિવસે જે કાર્યક્રમો રાખવામા આવે છે એમાં 'રોજગાર દિવસ' તરીકે આજના આ કાર્યક્રમમાં સરકાર અને સહકારની ભાવના એક સાથે જાય અન રોજગાર વાંચ્છુક યુવક યુવતીઓને રોજગારી મળે એવો શુભ આશય આ રોજગાર મેળાનો હતો.

સંત સરોવર પાસે ઈકોનો કાચ તોડી કેમેરાની ચોરી

ગાંધીનગર શહેરના સંત સરોવરની મુલાકાતે વિજાપુરથી આવેલા મિત્રોની ઈકો કારનો કાચ તોડી કોઈ અજાણ્યો ચોર શખ્સ નિકોન કેમેરો, ત્રણ કાર્ડ, બેટરી, ચાર્જર તેમજ કેબલ મળી કુલ રૂ.૪૩ હજારની વસ્તુઓ ચોરી પલાયન થઈ ગયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વિજાપુર પાસે રણાસણ ગામે રહેતા ધ્રુમિલ દિનેશ પટેલ (ઉં.૧૯) પોતાના પરિવાર સાથે રહે છે અને અભ્યાસ તેમજ વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. વિજાપુરથી પરિચિતની ઈકો ગાડી જી.જે.૨.સી.એલ.-૯૭૫૮ લઈને સંત સરોવર ખાતે બપોરના સુમારે આવ્યા હતા. ઈકો સંત સરોવરના પાર્કિંગમાં મુકીને મિત્રો સંત સરોવર ખાતે ફરવા માટે ગયા હતા. સાંજે પાંચ વાગ્યાના અરસામાં મિત્રો સંત સરોવર જોઈને પરત ફર્યા તે સમયે ઈકો કારનો ખાલી સાઈડનો કાચ તુટેલી હાલતમાં હતો. ગાડીમાં સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો.જ્યારે ફરીયાદીનું બેગ દેખાયુ ન હતું. જેમાં નિકોન કંપનીનો કેમેરો, મેમરી કાર્ડ નંગ-૩, કેમેરાની બેટરી, ચાર્જર સહિત વાયર મળી કુલ રૂ. ૪૩ હજારથી વધુની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આજના હિંડોળા

- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે લીલી ઘટાના હિંડોળા યોજાશે.
- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે હરિયાળી અમાસના હિંડોળા યોજાશે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પુરબીયા ભીખાભાઈ હરજીભાઈ,** ઉ.વ. ૬૦, સેકટર-૧૨
- **સ્વ. દંતાણી રાધાબેન દશરથભાઈ,** ઉ.વ. ૫૩, સે-૭, છાપરાં

શ્રી સોમનાથ બ્રહ્મકર્મ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ ગાંધીનગરના વિદ્યાર્થીઓ તથા ટ્રસ્ટના ભૂદેવ સભ્યોને ૫૦૦ ડઝન ચોપડા વિના મૂલ્યે વિતરણ કરાયા હતા.

દિવ્ય ત્રિવેદીનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૭

બ્રહ્મ સમાજ યુવા નેતા દિવ્ય ત્રિવેદી (એડવોકેટ)નું સન્માન રમેશ ઘદુકજી (મેમ્બર ઓફ પાર્લામેન્ટ પોરબંદર) દ્વારા કરાયું હતું. જેમાં રામભાઈ મોકરિયા (મેમ્બર ઓફ પાર્લામેન્ટ), હિના મંગલ ગાવિત (મેમ્બસ ઓફ પાર્લામેન્ટ) હાજર રહ્યા હતા.

સખી મેળામાં મહિલાઓની ભારે ભીડ

સેકટર-૭ કોમ્યુનિટી હોલ ખાતે વિવિધ ગૃહ વપરાશ અને ગૃહ ઉદ્યોગની ચીજવસ્તુના ૨૦૦ સ્ટોલ સાથે શુભારંભ કરાયો : પ્રદર્શન મેળામાં ગાયના ઘીની દિવેટો, છાણાંથી બનેલી રાખડીઓ અને નવી વેરાયટીઓના સુંદર સ્ટોલ

ગાંધીનગર, તા.૭

તહેવારોની સીઝન નજીક આવી રહી છે ત્યારે ગૃહસુશોભન, ગૃહસજાવટની ચીજવસ્તુઓની માંગ વધી છે. મહિલાઓને રસ પડે તેવી ગૃહ સજાવટની અવનવી ચીજવસ્તુઓનું વેચાણ અને પ્રદર્શન સે-૭ કોમ્યુનીટી હોલ ખાતે યોજવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર-કચ્છ સેવા સમાજ દ્વારા યોજાયેલા આ સખી મેળામાં મહિલાઓની મોટી ભીડ ઉમટી પડી છે.

ગાંધીનગરમાં સેકટર-૭ કોમ્યુનીટી હોલમાં મહિલા સશકિતકરણના ઉમદા હેતુ સહ સખી મંડળની બહેનો અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ગાંધીનગર દ્વારા સવારે બે દિવસીય સખી મેળાનો શુભારંભ થયો હતો. હર્ષાબા ધાંધલ (પૂર્વનગર સેવક) એન.યુ.એલ.એ.એમ. સ્વ. સ.જુથ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા છેલ્લા પાંચ વર્ષથી એકિઝબીશન એન્ડ સેલનું આયોજન કરતા આવ્યા છે. જેમાં દૂર દૂરથી બહેનો પોતાના વ્યવસાયનું એકઝિબીશન કરવા માટે ગાંધીનગર ખાતે આવ્યા હતા. કોરોનાકાળના સમયમાં ઘરે ઘરે ધંધા રોજગારમાં આવી પડેલ આપત્તિને કારણે બહેનોના વ્યવસાયમાં ખૂબ જ મુશ્કેલીઓ આવી પડી હતી. દરેકના વ્યવસાયને સહકાર અને પ્રોત્સાહન મળે તેવા હેતુસર પ્રદર્શન અને વેચાણનું આયોજન કરાયું છે. કોમ્યુનીટી હોલમાં પ્રથમ અને બીજા માળે આ સ્ટોલ ઉભા કરાયા છે. જેમાં ગાંધીનગરના લગભગ ૫૦ થી ૬૦ સ્ટોલ, વાવોલ-સરગાસણના ૫ થી ૬ સ્ટોલ અને અમદાવાદના ૩૦ જેટલા સ્ટોલ ઉભા કરાયા છે. જેમાંથી ૨૦ જેટલા ફૂડ સ્ટોલ પણ છે.

ફૂડ સ્ટોલમાં **MR. SINGH'S CAFE**, હેલ્ધી હાયજીનિક હોમમેડ ફૂડ, સ્ટાઈલ પકોડી વગેરેના સ્ટોલ ઉપલબ્ધ છે.

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન સેકટર-૨૧ ખાતે સખી મંડળની બહેનો દ્વારા હોમમેડ રાખડીઓ બનાવવામાં આવી છે જેનું વેચાણ ૫ રૂપિયાથી ૫૦ રૂપિયામાં અહીંયા કરવામાં આવી રહ્યું છે તથા સે-૨૧માં પણ તેમનો સ્ટોલ કાર્યરત છે. લગભગ ૧૦૦ જેટલી બહેનો સખીમંડળમાં કાર્યરત છે અને વિવિધ વેરાયટીઝ બનાવે છે. સમાજ માટે સેવા આપવી ઉપરાંત બહેનો માટે મદદરૂપ થવું અને આર્થિક રીતે મદદરૂપ થવું તેવું સુંદર કાર્ય શહેરના સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા અને સખી મંડળ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

વિવિધ સ્ટોલ સાથે જુદી જુદી વેરાયટીઓ દ્વારા સજ્જ કુલ ૨૦૦ જેટલા સ્ટોલ સાથે અમદાવાદ, રાજકોટ, બોટાદ, ગાંધીનગર, વાવોલ, સરગાસણની બહેનો જોડાયેલી છે. ઉપરાંત બરોડા, સુરત અને સૌરાષ્ટ્રથી પણ અનેક બહેનો આ પ્રદર્શન મેળામાં જોડાવા માંગે છે.

પ્રદર્શનમાં મી. સીંઘસ કાફેમાં બર્ગર, પિઝા, ફ્રેંચ ફ્રાઈસ, ગાર્લિક બ્રેડ, મેગી, મોમોસ, વેજ કબાબ જેવી વાનગી મળે છે.

કામધેનુ ગીર ગૌશાળાના સ્ટોલમાં કામધેનું હેર ઓઈલ, કેશનિખાર શેમ્પુ, ફેસપેક, સાબુ, દંતમંજન, ફીનાઈલ, વાસણ પાવડર, એલોવેરા અર્ક, કામધેનુ માલીશ તેલ, કામધેનુ એસિડીટી ચૂર્ણ વગેરે મળે છે.

આયુષ (આયુર્વદીક દવાઓ)ના સ્ટોલમાં આયુષ મંત્રાલયની પ્રિમીયમ સર્ટીફાઈડ આયુર્વેદીક દવાઓ (કવચ પ્રાસ), (કેપ્સ્યુઅલ બીલો ૩૭), (કેપ્સ્યુઅલ ઈમ્યુનો ૩) મળે છે. જે ૧ વર્ષની ઉપરના કોઈ પણ વ્યકિત માટે ઉપયોગી છે.

પ્રથમ દિવસે જ શહેરીજનોએ આ એકિસબીશનમાં જોડાઈને આ કાર્યક્રમને સફળતાનો માર્ગ આપ્યો હતો અને ગ્રાહકોમાં પણ નવી નવી વસ્તુઓની ખરીદી કરવાનો ઉત્સાહ જોવા મળી રહ્યો હતો.

હર્ષાબા (પૂર્વનગર સેવક) જેઓ દરેક બહેનોને સેવાકાર્ય મારફતે મદદ કરી રહ્યા છે. ઘણા વર્ષોથી તેઓ બહેનો માટે સેવાઓ કરતા આવ્યા છે. જેમાં મહિલા અગ્રણીઓનો પણ સહયોગ મળે છે. બે દિવસીય સ્ટોલ મેળામાં અનેક પરિવારને આર્થિક સહાયતાનો લાભ મળી રહેશે.

આ કાર્યક્રમનો શુભારંભ ડૉ. પ્રદિપ ગગલાણી (ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના આચાર્ય), કેતન ધોળુ (જાણીતા બિલ્ડર), કૃષ્ણકાન્ત જહા (ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી), હર્ષાબા ધાંધલ (પૂર્વ નગરસેવક) દ્વારા દિપ પ્રાગટય કરીને થયો હતો તથા મહિલા અગ્રણીઓ લીરલબા, કલ્પના ધોળુ, જયશ્રી ખેતિયા, પૂજા પેશવાની જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નરેન્દ્રભાઈ મંડીરે (સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળ) દ્વારા કરાયું હતું.

સ્પેશિયલ આકર્ષણ : લડુ ગોપાલના વાઘા, ડિઝાઈનર કુર્તી, પેઈન્ટીંગ, રેડીમેડ સૂટ, પેન્ટ પ્લાઝા, ટી શર્ટ, નેઈલ આર્ટ, ગીફ્ટ આર્ટીકલ, પરફ્યુમ, બ્રાન્ડેડ ડ્રેસ, કોસ્મેટીક, ટપર વેર, કલકત્તી કુર્તી, સાડી, ડિઝાઈનર ચોલી છે.

હોમમેડ : ગાયના ઘીમાંથી બનેલી દીવેટો, ગાયના છાણમાંથી બનેલી રાખડીઓ, હેરઓઈલ, ક્રાફ્ટ ડિઝાઈન, જડતર ઈમિટેશન જવેલરી, પેપર કવીલિંગ, અથાણા, ચટણી, ફરસાણ, સિલ્કથ્રેડ, દરબારી ચુડા, હેર કલર, હેર માસ્ક, બોડી કેર, નેચરલ હર્બલ પ્રોડકટસ, ઓર્ગેનીક સોપ, સ્કીન કેર, જવેલરી વગેરે.

જન્મદિને વધામણી

હરેશ જી જોશી
બનાસકાંઠા પ્રતિનિધિ
ગાંધીનગર સમાચાર
મો. ૮૦૦૦૯ ૧૧૬૧૬

અલ્પેશ કે ચૌહાણ
મો. ૯૬૨૪૩ ૭૦૭૩૫

ચંદ્રદીપસિંહ ચુડાસમા
મો. ૭૭૭૮૦ ૦૦૭૮૨

લતા દેવ
મો. ૯૭૧૪૧ ૦૮૮૭૪

કૈલાસબેન રમેશભાઈ પટેલ
મો. ૯૪૨૬૪ ૦૧૮૨૩

અંજુ મારવાડી

દેવલ ભાવસાર
મો. ૯૬૨૪૫ ૫૨૫૫૫

પ્રતિક્ષા એસ સોલંકી
મો. ૯૯૧૩૭ ૭૪૨૨૮

ધ્વનિ દિક્ષિત બ્રહ્મભટ્ટ

માહી દશરથસિંહ ખેર